## સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ
## મહાનગર સેવા સદન
## અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

---

## જાહેર નોટિસ

સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા પિરાણા ડમ્પ સાઇટ પર એકત્ર થયેલાં લીગાસી વેસ્ટને એજન્સીઓ પાસેથી ટ્રોમેલ મશીનો મેળવી બાયોમાઇનીંગ પ્રોજેક્ટથી નિકાલ કરવાની કામગીરી કરવામાં આવી રહેલ છે. લીગાસી વેસ્ટ પ્રોસેસીંગની આ કામગીરી દરમ્યાન ઇનર્ટ (માટી) અને સી એન્ડ ડી (ડેબ્રીસ, રોડાં-પથરાં) અને પ્લાસ્ટીક, કપડાં, લાકડાં વિગેરે બળતણમાં ઉપયોગમાં લઇ શકાય તેવું મટીરીયલ મોટી માત્રામાં નીકળે છે.

બાયોમાઇનીંગમાં નીકળતા ઇનર્ટ (માટી) અને સી એન્ડ ડી (ડેબ્રીસ, રોડાં-પથરાં) અને પ્લાસ્ટીક, કપડાં, લાકડાં વિગેરે બળતણમાં ઉપયોગમાં લઇ શકાય તેવા પ્રોસેસીંગ મટીરીયલમાંથી નીકળતો જરૂરીયાત મુજબનો જથ્થો જે-તે ઈચ્છુકને વ્યકતિગત વપરાશ માટે, તેમજ એકમો - સંસ્થાઓ - ઉદ્યોગો ઉપયોગ માટે લઇ જવા રસ ધરાવતા હોય તેઓને લઇ જવા સારૂ આ જાહેર નોટિસ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

સંસ્થાઓ દ્વારા આ અંગે સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ ખાતે કયા મટીરીયલ અને કેટલાં જથ્થાની જરૂરીયાત છે તે માટેની લેખિત અરજી કરવાની રહેશે. અ.મ્યુ.કો. દ્વારા સદર મટીરીયલ ફ્રી ઓફ કોસ્ટ આપવામાં આવશે. એજન્સીઓએ મટીરીયલ મેળવવાં પિરાણા ખાતે સ્વ-ખર્ચે અને જોખમે પોતાનું વાહન મોકલવાનું રહેશે. એજન્સીનાં વાહનોમાં મટીરીયલ અ.મ્યુ.કો. દ્વારા ભરી આપવામાં આવશે. પ્રોસેસીંગ મટીરીયલનાં ઉપયોગ અંગે જરૂરી સરકારી એન.ઓ.સી. મેળવવાની જવાબદારી જે તે એજન્સીની રહેશે.

**મ્યુનિસિપલ કમિશનર**